દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૬

# યુદ્ધના આટલા દિવસ પછી પણ ઈરાન અમેરિકા સામે ઝુકવા તૈયાર નથી

ત્રણ અઠવાડિયા પહેલા પ્રાઇમ ટાઇમમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો સંબોધનનો હેતુ ઈરાન સાથેની યુદ્ધની પરિસ્થિતિ પર તેમના નિયંત્રણને દર્શાવવાનો હતો, પરંતુ તેનાથી એક નોંધપાત્ર વિરોધાભાસ પણ ઉજાગર થયો.

અમેરિકન રાષ્ટ્રપતિએ જાહેર કર્યું કે ઈરાનની લશ્કરી ક્ષમતાઓ, તેનું નૌકાદળ, વાયુસેના, મિસાઇલ કાર્યક્રમ અને પરમાણુ સંવર્ધન સંબંધિત માળખાંનો મોટા ભાગે નાશ થયો છે. તેમણે સંઘર્ષને હવે તેના અંતિમ તબક્કામાં જતો હોવાનું જણાવ્યું. તેમ છતાં તેમણે આગામી અઠવાડિયામાં સંઘર્ષ વધુ વધવાની ધમકી પણ આપી. પરિણામ આવ્યું કે તેમના એ સંદેશનો સાચો સાર શું હતો એ અસ્પષ્ટ રહ્યું. ઈરાન પર જીતની જાહેરાત તો કરાઈ દેવાઈ, પરંતુ તે હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. તેમની આ ચેતવણીથી નિવેદનબાજી વધુ તેજ થઈ કે ઈરાન પર બોમ્બમારો તેને પાછું પાષાણ યુગમાં લઈ જશે.આ વાતની ઈરાનમાં સ્પષ્ટ અસર પડી છે, જેનાથી સોશિયલ મીડિયા પર ગુસ્સો ફેલાયો છે. ઈરાનમાં ટ્રમ્પના એ સમર્થકોમાં પણ અસર થઈ છે, જેઓ તેમને શાસન પરિવર્તન માટે એક એજન્ટ તરીકે જોતા હતા. ઈરાની શાસન પર આંતરિક દબાણ વધારવાને બદલે તેમણે કેટલાક લોકોના મનમાં દેશને ઘેરી લેવાની ભાવનાને વધુ મજબૂત બનાવી છે. તેમનું કહેવું છે કે આ પરિવર્તન સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેનેઈની સાથે અન્ય ઘણા ટોચના અધિકારીઓ અને કમાન્ડરોની હત્યા પછી આવ્યું છે.

આનાથી ઈરાનમાં એક એવું નેતૃત્વ ઊભરી આવ્યું છે, જેને ટ્રમ્પે ઓછું કટ્ટરપંથી અને વધુ સમજદાર ગણાવ્યું છે. જોકે, ટ્રમ્પના આ દાવાને સમર્થન આપવા માટે બહુ ઓછા પુરાવા છે. તહેરાનમાં સત્તા માળખામાં કોઈ ફેરફાર થયો નથી. સુપ્રીમ લીડરનું કાર્યાલય સત્તાનું કેન્દ્ર રહ્યું છે. જોકે, વર્તમાન પરિસ્થિતિમાં તે સ્પષ્ટ નથી કે તેનું કેટલું સીધું નિયંત્રણ છે. પરંતુ દેશમાં ન તો સંસ્થાકીય ભંગાણ થયું છે કે ન તો વૈચારિક પરિવર્તન. મસૂદ પેઝેશ્કિયાન હજુ પણ રાષ્ટ્રપતિ છે. મોહમ્મદ બઘર ગાલિબાફ હજુ પણ સંસદનું નેતૃત્વ કરે છે. અબ્બાસ અરાગચી વિદેશનીતિને આકાર આપી રહ્યા છે. હુમલાઓમાં માર્યા ગયેલા કમાન્ડરો અને ઘણા અધિકારીઓનું સ્થાન એ જ વૈચારિક જૂથોએ લીધું છે, જે યુદ્ધની પરિસ્થિતિઓમાં વધુ કઠોર બન્યાં છે. આ સત્તા પરિવર્તન કરતાં સત્તાની મજબૂતી જેવું લાગે છે. આ મજબૂતી કોઈ અણધારી નથી. યુદ્ધમાં ઈરાનનું લક્ષ્ય પરંપરાગત અર્થમાં જીત નથી, પરંતુ અસ્તિત્વ ટકાવી રાખવાનું છે.

વર્ષોથી તહેરાન એ સીધા સરળ સિદ્ધાંત પર કામ કરે છે કે કોઈ વધુ શક્તિશાળી સેનાની તાકત સામે ટકી રહેવું એ સફળતા છે. ઇઝરાયલ અને અમેરિકા સાથેના તેના લાંબા સંઘર્ષોમાં ઈરાન હંમેશાં માનતું રહ્યું છે કે કોઈ એક સાથે સંઘર્ષ થશે તો તેમાં બીજો પણ ખેંચાઈ આવશે. આથી ઈરાન માટે હાલમાં ટકી રહેવું એ કોઈ વિકલ્પ નથી, પરંતુ તેનો ખરો ઉદ્દેશ્ય છે. યુદ્ધ શરૂ થયાને એક મહિનો વીતી ગયો છે, પરંતુ ઈરાનનું કમાન્ડ માળખું કાર્યરત્ છે, તેનું સરકારી તંત્ર મજબૂત છે અને તેના વિરોધવાળી શક્તિ ભલે થોડી નબળી પડી હોય, પણ તૂટી નથી. આ સંદર્ભમાં જોઈએ તો ઈરાનની સ્થિતિ હજુ મહત્ત્વપૂર્ણ છે. મહત્ત્વપૂર્ણ ઊર્જા માર્ગો, ખાસ કરીને હોર્મુઝ સામુદ્રધુની પર તેનો દબદબો હજુ પણ યથાવત્ છે. વિશ્વના ઓઇલ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ આ માર્ગમાંથી પસાર થાય છે. આ જ કારણે વારંવાર હુમલાઓ છતાં ઈરાન પાસે બાબતોને બગાડવાની તેની નોંધપાત્ર શક્તિ યથાવત્ રહી છે. આ ક્ષમતા અમેરિકા માટે એક પડકાર પેદા કરે છે.જો અમેરિકા પીછેહઠ કરે, તો એ વાતનું જોખમ છે કે ઈરાનનો સૌથી મહત્ત્વપૂર્ણ પાઠ સાચો સાબિત થશે કે 'ટકી રહેવું કામ લાગે છે.'જો તે યુદ્ધ ચાલુ રાખશે, તો તેને સતત વધતા ખર્ચનો સામનો કરવો પડશે અને નિર્ણાયક જીત માટે કોઈ સ્પષ્ટ રસ્તો પણ નજર નહીં આવે.

ટ્રમ્પના ભાષણમાં આ મૂંઝવણ દેખાય છે. યુદ્ધ ચાલુ રાખીને જીતનો દાવો કરીને, તેઓ બે વિરોધાભાસી જરૂરિયાતોને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. એટલે કે પોતાની શક્તિ દર્શાવવી અને લાંબા યુદ્ધમાં ફસાવવાથી બચવું. આ માહોલમાં ટ્રમ્પના ભાષણ પહેલાં પેઝેશ્કિયાનનું એ નિવેદન છે કે ઈરાન પાસે યુદ્ધનો અંત લાવવા માટે જરૂરી ઇચ્છાશક્તિ છે, તે કોઈ છૂટછાટ કરતાં ગણતરીપૂર્વકની ચાલ વધુ લાગે છે. બુધવારે સોશિયલ મીડિયા પર અમેરિકન લોકોને લખેલા તેમના ખુલ્લા પત્રમાં તેમણે પ્રશ્ન કર્યો કે શું અમેરિકા ફર્સ્ટ નીતિનું પાલન થઈ રહ્યું છે, અને શું અમેરિકા ઇઝરાયલના ઇશારે કામ કરી રહ્યું છે.

આનો સીધો ઉદ્દેશ્ય અમેરિકાના એ સ્થાનિક દર્શકો હતો, જે પહેલાંથી જ સંઘર્ષ અંગે ચિંતિત હતા. આ અમેરિકા પર રાજનીતિક દબાણ વધારવાનો પ્રયાસ હતો, જેથી ઈરાનને તેની વાટાઘાટની શરતોમાં કોઈ ફેરફાર ન કરવો પડે.

યુદ્ધ સમાપ્ત કરવા માટે ઈરાને જે શરત મૂકી છે તેમાં સત્તાનું અસ્તિત્વ બચાવવું અને દેશના સાર્વભૌમત્વનું રક્ષણ, અમેરિકા અને ઇઝરાયલ તરફથી ભવિષ્યમાં કોઈ હુમલા ન થાય તેની વિશ્વસનીય ગેરંટી, પ્રતિબંધોમાં સાર્થક અને એવી રાહત જે લાગુ થઈ શકે

પોતાની સંરક્ષણ ક્ષમતાઓને જાળવી રાખવી, અત્યાર સુધી એવા કોઈ સંકેત મળ્યા નથી કે ઈરાન આ માગણીઓ પર સમાધાન કરવા તૈયાર હોય. પરંતુ જેમ જેમ અમેરિકા અને ઇઝરાયલી બોમ્બમારો ચાલુ રહેશે, તેમ આ પરિસ્થિતિ બદલાઈ શકે છે. એમાં શંકાને કોઈ સ્થાન નથી કે આનાથી ઈરાનની લશ્કરી ક્ષમતાઓ અને તેના અર્થતંત્ર પર ઊંડી અસર પડી રહી છે.

યુદ્ધ શરૂ થયા પહેલાં જ તેનું અર્થતંત્ર ડામાડોળ હતું. જો ઈરાનની વર્તમાન સત્તા યુદ્ધ પછી પણ રહે, તો તેણે આ સંકટો સામે ઝૂઝી રહેલા દેશને ફરીથી ઊભો કરવો પડશે. પરંતુ સત્તામાં ચાલુ રહેવાનું વધુ એક ગંભીર પરિણામ આવશે. વર્ષોથી તેની પોતાની 'સંરક્ષણ ક્ષમતા' અમેરિકા કે ઇઝરાયલના કોઈ મોટા હુમલાનો ખતરો ઈરાન પર એક લગામનું કામ કરી રહ્યો છે. જો તે સીધા મુકાબલામાંથી સહીસલામત બહાર નીકળી જાય તો ભવિષ્યમાં મળતી ધમકીઓની અસર ઓછી થઈ જશે. આ પરિવર્તનની અસર અત્યારથી પ્રાદેશિક સમીકરણો પર દેખાવા લાગી છે.

## હજી શું કરી શકીએ

એક દિવસ બે બહેનપણીઓ રીના અને મેઘા વર્ષો પછી અચાનક રસ્તામાં મળી ગઈ.મેઘાએ કહ્યું, 'તે ન્યુઝ પેપરમાં લખે છે અને બાળકોને ભણાવે છે.' રીનાએ કહ્યું, 'પોતે તો ઘર અને બાળકોમાં પોતાનાં સપનાં જ ભૂલી ગઈ છે. હવે તો યાદ પણ નથી કે મારે શું કરવું હતું.'

મેઘા બોલી, 'હજી પણ સમય છે, જો મનમાં કરવાની ઈચ્છા હોય તો તું હજી પણ જે કરવું હોય તે કરી શકે છે.' રીના બોલી, 'લેખિકા તું છે એટલે સારું સારું બોલી શકે પણ તે હવે શક્ય નથી સમજી. અત્યાર સુધીનો સમય પસાર થઈ ગયો અને હું કંઈ ન કરી શકી તો વળી હવે શું કરી લઈશ.' મેઘાને ખરાબ ન લાગ્યું. તે હસી અને કહ્યું મારી સાથે ચલ...સરસ કોફી પીવડાવું.બંને જણા રસ્તા પર ચાલીને જતા હતા તો જોયું કે રસ્તા પર ચારે બાજુ સોનમહોરનાં પીળાં ફૂલો વેરાયેલાં હતાં જાણે ફૂલોની ચાદર...



મેઘાએ કહ્યું, 'આ જોયું, કેટલાં સરસ પીળાં ચમકદાર ફૂલો છે.' રીનાએ કહ્યું,'હા સોનમહોરનાં ફૂલો છે. તને યાદ છે આપણી સ્કૂલ પાસે પણ સોનમહોર અને ગુલમહોરના ઝાડ હતાં.' મેઘાએ નીચા નમી બે ત્રણ ફૂલો હાથમાં લીધાં અને બોલી, 'કેટલાં સુંદર ફૂલો છે કાશ, આમ નીચે ન ખર્યાં હોત ...કે તેમને ફરી ઝાડ પર લગાડી શકાત ફૂલોથી છવાયેલું ઝાડ કેવું સરસ લાગે.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

રીના હસી અને બોલી, 'અરે, ફૂલો તો ઊગે અને ખરી જાય, તે કંઈ ફરી થોડા ઝાડ પર લગાડી શકાય અને તેમાં અફસોસ કરવાની જરૂર નથી. આ જ પ્રકૃતિનો નિયમ છે. ફૂલો ઊગે અને ખરે અને ફરી નવાં ફૂલો ઊગે.' મેઘા બોલી, 'શું કહ્યું? ફરીથી કહે...' રીનાએ કહ્યું, 'મેં કહ્યું આ ફૂલો ભલે ખરી ગયાં પણ તેના સ્થાને નવાં ફૂલો ઊગશે...'

મેઘાએ રીનાનો હાથ હાથમાં લઈને કહ્યું, 'મારી દોસ્ત, જો તેં જ હમણાં મને સમજાવ્યું કે જે ફૂલ ખરી ગયાં છે તેનો અફસોસ ન કર. ભલે તે ફરી ઝાડ પર લગાડી ન શકાય પણ ખરી ગયેલાં ફૂલોના સ્થાને નવાં ફૂલો ચોક્કસ ઊગશે. એ જ રીતે જિંદગીમાં અત્યાર સુધીનો સમય ભલે પસાર થઈ ગયો અને આપણે કંઈ કરી શક્યા કે ન કરી શક્યા તેનો અફસોસ કરવાની જરૂર નથી.જરૂર છે, આપણે હજી શું કરી શકીએ છીએ તે દિશામાં વિચારવાની અને આગળ વધવાની...જે સમય પસાર થઈ ગયો છે તેનો અફસોસ છોડી આવનારા સમયમાં હજી શું કરી શકાય તેના પર ધ્યાન આપ. તું ચોક્કસ કંઈક કરી શકીશ.' મેઘાએ રીનાને સરસ રીતે સમજાવીને કૈંક કરવાની પ્રેરણા આપી.

# ઈસ્લામાબાદ શાંતિવાર્તા : 'શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી' એ સ્થિતિ

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

ઈરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધમાં પાકિસ્તાન મધ્યસ્થી કરી રહ્યું છે અને આ બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણાઓની પહેલી બેઠક સફળતા વગર ઈસ્લામાબાદ ખાતે યોજાઈ ગઈ. જો કે આ મંત્રણાઓને તાત્કાલિક સફળતા મળશે એવી કોઈને અપેક્ષા પણ નહોતી. આ મંત્રણાઓમાં વિઘ્ન આવ્યું એનું એક કારણ ઈઝરાયલે લેબેનોન પર હુમલા ચાલુ રાખ્યા હતા. અમેરિકા અને ઈરાન બંનેએ મંત્રણાઓ નિષ્ફળ જવા માટે એકબીજા પર આક્ષેપો કર્યા છે. ૨૧ એપ્રિલે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પર્શિયન ગલ્ફમાં અનિશ્ચિત મુદત સુધી યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કરી. ટ્રમ્પે એવું પણ કહ્યું છે કે, ઈરાનની સરકારમાં ગંભીર તડાં પડ્યાં છે. જો કે પાકિસ્તાનનું મંતવ્ય છે કે અમેરિકાએ ઈરાન સામે દરિયામાં જે જહાજી નાકાબંધી કરી છે અને એને કારણે હોર્મુઝ સામુદ્રધૂનીમાં આવેલા ઈરાનનાં બંદરોને લગભગ ઘેરી લીધાં છે તે પણ આ માટે કારણભૂત છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શરીફે ટ્વિટ થકી અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના યુદ્ધવિરામની સમયમર્યાદા વધારવાના નિર્ણયનું સ્વાગત કરતાં કહ્યું છે કે આના કારણે જે કૂટનીતિક પ્રયાસો ચાલી રહ્યા છે તેમને આગળ વધારવાની તક મળશે. તેમણે એ પણ ઉમેર્યું કે, ચર્ચાઓના બીજા રાઉન્ડમાં બંને દેશો શાંતિવાર્તાને સફળતાપૂર્વક આગળ વધારી શાંતિ-સમજૂતી સુધી પહોંચીને યુદ્ધને બદલે કાયમી શાંતિ સ્થપાય તે માટેનું નિમિત્ત બનશે.

જો કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કહેવા મુજબ, 'ધ બૉલ વૉઝ ઈન ઈરાન્સ કોર્ટ' અર્થાત્ આખી બાબત હવે ઈરાનના હાથમાં છે. ટ્રમ્પ હજુ પણ કહે છે કે, 'ઈરાનની સરકારમાં ગંભીર મતભેદો અને તડાં છે અને એટલે જ્યાં સુધી

**કહે છે 'ઈરાન એવું માને છે કે, અમેરિકા એના સામેની દરિયાઈ ઘેરાબંધી ઉઠાવી લે તે પહેલાં કોઈ પણ પ્રકારની મંત્રણાઓ કરવાથી ઈરાનનો પક્ષ નબળો પડશે.'**

ઈરાનના નેતાઓ સૌને મંજૂર હોય એવું સમાધાનકારી ફોર્મ્યુલા લઈને આગળ ન આવે ત્યાં સુધી અમે યુદ્ધવિરામ ચાલુ રાખીશું.' જો કે પાકિસ્તાનના અધિકારીઓ કહે છે 'ઈરાન એવું માને છે કે, અમેરિકા એના સામેની દરિયાઈ ઘેરાબંધી ઉઠાવી લે તે પહેલાં કોઈ પણ પ્રકારની મંત્રણાઓ કરવાથી ઈરાનનો પક્ષ નબળો પડશે.'

આમ શાંતિમંત્રણાઓ કરવી છે, કાંઈ સમાધાન પણ શોધવું છે, એની કોઈ 'ના' નથી પણ અમેરિકા ઈરાનમાં સ્થિર સરકાર નથી અને અંદરોઅંદર મતભેદ છે, એવી વાત કરે છે. ક્યાંક ઈરાનના વડા પ્રધાનને લશ્કર સાંભળતું નથી અને વિદેશમંત્રીની વાત પણ ઈરાનનું લશ્કર સાંભળવા તૈયાર નથી એવા સમાચાર વહેતા કરવામાં આવે છે, તે બીજી બાજુ ઘરઆંગણે ડોનાલ્ડ ટ્રમ્પની પરિસ્થિતિ પણ કંઈ સારી તો નથી જ. ટ્રમ્પના રેટિંગમાં જબરદસ્ત ઘટાડો થયો છે અને ઈઝરાયલનું પ્રેર્યું અમેરિકા કોઈ પણ યુદ્ધમાં સંડોવાય તે સામે અમેરિકાની પ્રજાના બહુમતી ભાગને વાંધો છે ત્યારે એક વાત તો સ્પષ્ટ છે કે, નવેમ્બરમાં અમેરિકામાં ચૂંટણીઓ યોજાવાની છે અને એમાં કોઈ પણ ભોગે પોતે બહુમતી ગુમાવે તો ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ તરીકે તો ચાલુ રહે પણ એમની મોટા ભાગની સત્તાઓ છિનવાઈ જાય અને ટ્રમ્પ માટે 'કાગળના વાઘ' હોવાની પરિસ્થિતિનું નિર્માણ થાય. ચીન અને રશિયા બંને આડકતરી રીતે ઈરાનને મદદ કરી રહ્યાં છે.

આમ, સૌ પોતપોતાના સ્વાર્થમાં રમ્યા કરે છે અને ઈસ્લામાબાદની શાંતિવાર્તાના મોરચે 'શિયાળ તાણે સીમ ભણી અને કૂતરું તાણે ગામ ભણી' એ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું છે. વિશ્વશાંતિના વિશાળ હિતમાં આપણે આશા રાખીએ કે, 'ઈરાન-અમેરિકા વચ્ચેની શાંતિવાર્તા નિર્ણાયક તબક્કે પહોંચે અને આજે જે ઉભડક જીવે દુનિયા જીવે છે એમાંથી સૌ મુક્ત થાય.'

જો આવું થાય તો પણ આવનાર બે-ત્રણ વર્ષ આખા વિશ્વમાં અને વિશેષ તો ભારત માટે ઊર્જા કટોકટી તેમજ ઊર્જાની કિંમત બંને માટે અગ્નિપરીક્ષાના હશે. તેને કારણે આ દેશમાં મોંઘવારી તેમજ બેરોજગારી વધે અને રૂપિયો ઘસાતો રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય એ વાતમાં કોઈ શંકા દેખાતી નથી. આશા રાખીએ, ચૂંટણીઘેલી ભારત સરકાર બાકીની બધી રાજરમતોને બાજુએ મૂકી દેશહિતમાં મક્કમતાથી શાસનધુરા સંભાળે. સામાન્ય માણસ માટે જીવવું દોહ્યલું ન બની જાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વિશ્વગુરુ બનવાની ભ્રમણા મોહન ભાગવતની કૂપમંડૂકતાનો પરિચય આપે છે

સમયાંતર
રામચંદ્ર ગુહા

શનિવારે યુટ્યુબ પર એક ટી.વી. ન્યુઝ ચેનલના સમાચારો જોઈ રહ્યો હતો ત્યારે પ્રથમ તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત સ્ક્રીન પર દૃશ્યમાન થયા. એ કોઈક જગ્યાએ સંબોધન કરી રહ્યા હતા કે, ''ભારત અવશ્ય વિશ્વગુરુ બનશે.'' આ શબ્દો એમના છે. એ પૂરા થયા એટલે સ્ક્રીન પર બીજા એક સમાચારની ક્લીપ શરૂ થઈ. દેશના કોઈ એક શહેરમાં ઓપરેશન થિયેટરમાં શસ્ત્રક્રિયા ચાલી રહી હતી અને વીજળી જતી રહી. આખરે ટોર્ચ બત્તીની મદદ વડે સર્જરી આગળ ચલાવવી પડી.

આજે દેશની આ આમ દશા છે. આ લખનાર થોડાં વર્ષો પૂર્વે સિંગાપુરની યાત્રા કરી હતી ત્યારે ગાઈડ દ્વારા જણાવવામાં આવ્યું કે 1987માં થોડી મિનિટો માટે સિંગાપુરની વીજળી ગુલ થઈ હતી, પણ ત્યાર બાદ ક્યારેય થઈ નથી.

આ લખનારને સંઘ સામે કોઈ વાંધો નથી. એક બાબતોમાં આદરભાવ છે. પરંતુ વાંધો સંઘના હાલના અતાર્કિક અને ક્યારેય પ્રજાને મૂર્ખ બનાવવાની ચેષ્ટા કરતાં જણાય એવા વડા મોહન ભાગવત સામે છે. એમની વારંવારની ઢંગધડા વગરની વાતો માથાના દુખાવા જેવી બની ગઈ છે. સૌથી મોટો સવાલ એ છે કે દેશ કઈ બાબતમાં વિશ્વગુરુ બનશે? દુનિયાને શું શિખવશે જે ભારત કરતાં જોજનો આગળ નિકળી ગઈ છે? વીજળી વગર શસ્ત્રક્રિયાઓ કેવી રીતે કરવી તે શિખવાડશે? કે પછી ઘરબાર, કમાણી, માર્ગ, મકાનો, રોજગારીની વ્યવસ્થા વગર વસતિનો આડેધડ વધારો કેમ કરવો તે શિખવશે? નેતાઓ, એમનાં વાહનો પસાર થવાના હોય તે અગાઉના કલાકોથી શહેરના ધોરી માર્ગો કેમ બંધ કરી દેવા એ શિખવશે? લોકોની ધીરજની કસોટી કેવી રીતે લેવી અને તેઓને પીડા આપીને આનંદ કેવી રીતે મેળવવો એ કલા વિશ્વગુરુ જગતને શિખવશે?

ગયા શુક્રવારે ભાજપના કાર્યકરોએ તળ મુંબઈમાં વિપક્ષો સામે વિરોધ કરવા મોટો મોરચો યોજયો હતો. નારીવંદન બિલ પસાર ન થવા દેવાયું તેથી વિપક્ષો સામે વિરોધ નોંધાવવા શિક્ષિત લોકોના વિસ્તારમાં ભાજપના નેતાઓ અને મહિલા મોરચાએ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. ખરેખર મુંબઈની બહેનોને તેની જાણ કરવાની જરૂર ન હતી. ગામડાંઓમાં જઈને ત્યાંની બહેનોને મહિલા આરક્ષણ બાબતે જાગૃત કરવાની જરૂર હતી. તેઓએ વરલી વિસ્તારમાં સુંદર પરિધાનોના ઠઠારા સાથે આવીને રસ્તો જામ કરી દીધો. એક મિસિસ ગરેવાલે પોતાની મર્સિડિઝીમાં એક જગ્યાએ એક કલાક બેસી રહેવું પડ્યું એ એમની પુત્રીને શાળાએ લેવા જઈ રહ્યાં હતાં. ટેન્શનમાં આવી ગયાં. ખૂબ વ્યગ્રતા સાથે આક્રોશમાં આવી ગયાં. ભાજપના નેતા ગિરીશ મહાજન ત્યાં હતાં એમની સામે ભયંકર ગુસ્સો વ્યક્ત કર્યો. એ વિડિયો ખૂબ વાયરલ થયો છે.

આ સ્થિતિ ચાલીસ વર્ષથી જેમની તેમ જ છે. રાજીવ ગાંધી વડા પ્રધાન હતા ત્યારે મુંબઈની મુલાકાતે આવ્યા હતા. મગજ અને હૃદય વગરના નેતાઓએ રાજીવના કાફલા માટે ઘણા અગાઉથી મુખ્ય રસ્તો અન્ય ટ્રાફિક માટે બંધ કરી દીધો હતો. માટુંગા પાસે એક એમ્બ્યુલન્સ અટવાઈ પડી. એક સ્ત્રીને જન્મ અપાવવા માટે પ્રસૂતિગૃહમાં લઈ જવાઈ રહી હતી. આખરે એની રસ્તામાં જ વાહનમાં ડિલિવરી થઈ ગઈ. એ વખતના પ્રસિદ્ધ અખબાર સન્ડે ઓબઝર્વરે તંત્રી વિનોદ મહેતાના નેજામાં આ આખી ઘટના છાપી તો વિનોદ મહેતાને સહન કરવું પડે એ રીતે નેતાઓ દ્વારા સેડિસ્ટીક પ્લેઝર લૂંટવામાં આવ્યું. કહે છે કે મિસિસ ગરેવાલ સામે કેસ માંડવામાં આવ્યો છે.

બીજો એક રિપોર્ટ કહે છે કે કોઈ કેસ મંડાયો નથી. સરવાળે એ કે તમે થોડા મગરમચ્છો તમારી રાજનીતિને ચમકાવવા માટે લાખો લોકોને લાંબા સમયની અડચણમાં મૂકો એ તમોને શોભે છે? તમે તો વિશ્વગુરુની શાળાના વિદ્યાર્થીઓ દુનિયાને એ શિખવશો કે ટ્રાફિક જામ કેવી રીતે કરવો? હપ્તા લઈને ઝૂંપડપટ્ટી બંધાવા દેવી, ગરીબી સાથે આવતાં નર્કાગાર જેવાં દૂષણો ફૂલવા ફાલવા દેવાં અને એક દિવસ વધારે કમાણીની ખાતરી મળે ત્યારે પેશકદમીનું કારણ આપી વરસો પછી એ તોડી નાંખવી. શું આ કળા દુનિયાને શિખવશો?

પ્રજાને ખુશ રાખવા મોહન ભાગવત જેવા સત્ત્વ અને તત્ત્વ વગરના નેતાઓ લોકોને ખ્યાલી પુલાવોના પડીકાં વહેંચતા રહે છે. લાગે છે કે એમણે યુરોપ અને પશ્ચિમની નિયમિત મુલાકાત લેવી જોઈએ. ઓસ્ટ્રેલિયા, ચીનની અને ન્યૂઝીલેન્ડની મુલાકાત લેવી જોઈએ. દુબાઈ અને સાઉદી અરેબિયાની લેવી જોઈએ. બને તો ત્યાંની શિક્ષણ સંસ્થાઓ, ટોચની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવીને ભણવું જોઈએ. માત્ર મૂછો વધારવી અને રોજ નવા નવા મંચો પર ગર્જના

**સૌથી મોટો સવાલ એ છે કે દેશ કઈ બાબતમાં વિશ્વગુરુ બનશે? દુનિયાને શું શિખવશે જે ભારત કરતાં જોજનો આગળ નિકળી ગઈ છે?**

કરવાથી વિશ્વગુરુ બની શકાતું નથી. માત્ર એ એક વખત એટલું જ બોલે કે ભારત કઈ બાબતમાં વિશ્વગુરુ બનશે? આજે મેડીસીન એન્જીનીઅરિંગ, આર્કિટેક્ચર, ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક, સોફ્ટવેર અને કોમ્પ્યુટર, વસ્ત્રો અને ફેશન ટેકનોલોજી વગેરેમાં તમે એટલે કે ભાગવત, અમેરિકાની પાછળ ઘસડાઈને તેનું અનુકરણ કરે છે અને કૂવાના દેડકાંની માફક હું વિશ્વગુરુ. સમાઉં નહી હું સર્વથા તું જા સરોવર તીર. આ ભાદરવાના અલ્પજીવી પાકની માનસિકતા છે. પ્રિય ધર્મધુરંધર મોહન ભાગવત કોઈ પણ એક ક્ષેત્રનું નામ આપે જેમાં ભારત દુનિયાને કશુંક લાંબા ખપનું, લાંબા લાભનું એનાયત કરવાની સ્થિતિમાં છે.

જો ભાગવતના પેટમાં વિશ્વગુરુની ટોટી ઘુસી ગઈ હોય તો તે પણ અનર્થકારી છે. તમે એવા ગુમાનમાં રાચો છો કે બાકીની દુનિયા પાસેથી કશું શિખવા માગતા નથી. તમને અમેરિકાની ફૂટપાથો પર ચાલવાનો મોકો ક્યારેય મળ્યો નથી કે શું? ભારતમાં ફેરિયાઓ, મોટરસાયકલોના ખડકલા હટાવો ત્યારે ફૂટપાથ દેખાય અને એ પણ ફૂટેલો તૂટેલો. ગટરો કેવી રીતે ઊભરાવી દેવી? ખેડૂતો પાસેથી ટેબલ નીચેથી કાંઈ મળી રહે તે માટે ગામડેથી તેઓને વારંવાર સરકારી ઓફિસોમાં ધક્કા ખવડાવવા, લોકો ટ્રાફિકનું કે સ્વચ્છતાનું પાલન કરે એ માટે આરએસએસ દ્વારા ક્યું મિશન ચલાવવામાં આવ્યું. દેશની ખાદ્યસામગ્રી તમામ ઝેરી બનાવી દીધી છે અને કોઈને અધિકારીને હપ્તો ચૂકવી દેવાથી વધુ સજા થતી નથી. આમાં તમે કઈ વીર્યવાન, દક્ષ અને સબળ પ્રજા પેદા કરશો કે વિશ્વને વિશ્વગુરુઓની ભેટ આપશો? ભાગવતજીના મનમાં સુંદર ભ્રમણા ઘૂસી ગઈ છે અથવા તો આવી ઊંચી ઊંચી વાતો ફાડી એ પ્રજાને મૂડમાં રાખવાની કોશિશ કરી રહ્યા. જેથી એમના ટીએ/ડીએ બીલ પાસ થાય અને વૃધ્ધત્વનો સમય પણ જાહોજલાલીમાં પાસ થાય. બાકી દેશને કન્ફ્યુઝ કરવા સિવાય બીજું કોઈ મહત્ત્વનું કામ આ નાગપુરના બ્રાહ્મણે કર્યું નથી. એક વાક્ય એક નાના માણસ તરીકે અહીં લખું છું અને તે એ કે દેશના નેતાઓના મોહન ભાગવતના આ રીતરિવાજો રહ્યા તો ભારત ક્યારેય વિશ્વગુરુ બનવાનું નથી.

શું બીજા દેશો ભારત વિશ્વગુરુ બને તેની રાહ જોવા માટે પોતાનો વિકાસ અટકાવી દેશે. આજે વિશ્વગુરુ બનવું એ વિભાવના જ સાવ ખોટી છે. એક ભ્રમણા છે. તેની ગોળી સ્વયંસેવકોને પીવડાવી દેવાઈ છે? કદાચ અમેરિકા પાછું પડી જાય, જાપાન, રશિયા, ફ્રાન્સ, કેનેડા, જર્મની વગેરે આપણાથી આગળ છે. આપણે ત્યાં જઈને એક કામ મારી રીતે કરી શકીએ તેમ છીએ, અને તે છે પાન, ગુટખાની પિચકારી મારવી. સારી વાત એ છે કે સુંદર વળગાડથી બહાર આવો અને સર્વપ્રથમ ભારત-ગુરુ બનવાના પ્રયત્નો કરો. બાકી કશું ક્યારેય થશે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## આખા દેશની ઝબાન કેસરી નહીં કેન્સર વાલી થઈ

હાલમાં આઈ. પી. એલ. ની ક્રિકેટ મેચો ચાલી રહી છે. આઈ.પી. એલ.માં દરેક ઓવર પુરી થયા પછી સતત વિમલ પાન મસાલાની જાહેરાત આવે છે. જે તાત્કાલિક બંધ થવી જોઈએ. પાંચ રૂપિયામાં કોઈ કેસર આપવાનું નથી. માત્ર બનાવટ કરાઈ રહી છે. જાણીતા ફિલ્મ સ્ટારો શાહરૂખ ખાન ટાઈગર શ્રોફ અને અજય દેવગન આપણી યુવાપેઢીને વિમલ ખાવા લલચાવે છે. એક હિરોઈન પણ સાથે આવે છે. વિમલ ખાવાથી કેટલાક યુવાનોનું મોઢું પણ ખૂલતું નથી. કેટલાક વિમલને કારણે કેન્સરમાં મરી ગયા છે કેટલાક મરી રહ્યા છે. એના માટે જવાબદાર કોણ?

આ મોટા સ્ટારો તાત્કાલિક વિમલની એડ કરવાનું બંધ કરે અને યુવાપેઢીને નશાની ચુંગલમાંથી બચાવે. આ એડ દરેક ઓવર પછી બતાવવામાં આવે છે એ બંધ થવું જોઈએ કેમ કે યુવાનો મેચના બહુ શોખીન હોય છે. મેચ જોતા જોતા સેકંડો વખત આ એડ એમનાં માથા પર વારંવાર શા માટે મારવામાં આવે છે? શું આપણી યુવાપેઢીને નશીલી કમજોર માયકાંગલી બનાવવી છે? આમાં ક્રિકેટ ને વિમલ ને શું સંબંધ? આ વાત બરાબર સમજો મિત્રો ખરેખર તો આ આઈ.પી . એલ. નો તમાશો બંધ થવો જોઈએ એમ નથી લાગતું?

સુરત -અબ્બાસભાઈ કૌકાવાલા

## પારસીઓની-પવિત્રતા

ઈરાનથી પોતાના જરશોસ્થી ધર્મની રક્ષા માટે પારસીઓ હિજરત કરીને ભારતમાં આવીને સંજાણ બંદરે ઉતર્યા હતા. જાદી રાણાએ તેમણે આશરો આપ્યો હતો. ત્યારબાદ પારસીઓએ જે જે શહેર-ગામડામાં વસવાટ કર્યો છે ત્યાં આજે પણ ઈતર કોમ સાથે હળી-મળીને રહીને દૂધમાં સાકર ભળી જાય તેમ શાંતિથી જીવી રહ્યા છે. પારસીઓનું દરેક ક્ષેત્રમાં પ્રદાન છે. છતાં કદી હક્ક કે અધિકારની માંગ નથી કરી જે તેમની સજ્જનતા છે. પારસીઓ સ્વભાવે શાંત દયાળુ માયાળુ, સખાવતી રહ્યા છે. મીઠી- મઝાની બોલીના કારણે સૌના પ્રિય બન્યા છે. પારસીઓ ધાર્મિક પૂજા-અર્ચનામાં પવિત્રતા જાળવે છે. કોઈ પારસીનું મરણ થયું હોય તો પાયદસ્તમાં સફેદ કપડા પહેરીને જાય છે. આતશ-બહેરામ (અગિયારી)માં અગ્નિ પ્રજ્વલિત રાખે છે. પરંતુ ઘરમાં પણ આતશની પૂજા કરતાં હોય છે. અગ્નિને દેવતા માનતા હોવાથી કદી ધુમ્રપાન નથી કરતા. પારસીઓ નેક-પ્રમાણિક હોવાથી ધંધામાં પણ ઈમાનદારી નીતિ-મત્તા જાળવે છે. માંડવી નજીક વરેઠ પેટીયા ગામે રહેતા મિત્ર માલ્કમ અને કેશ્મીરા ઈલાવ્યાએ સાચા પારસીની ઓળખ જણાવતાં કહ્યું હતું, 'અમો જન્મે પારસી છીએ, પરંતુ સવાયા ગુજરાતી છીએ, દેશદાઝની વાત આવે તો પુરેપુરા હિન્દુસ્તાની છીએ. પારસીઓની વસ્તી ઘટતી જાય છે.

તરસાડા -પ્રવીણસિંહ મહીડા

## મુસાફરોથી ઉભરાતુ ઉધના સ્ટેશન

યુપી, બિહાર, ઓરિસ્સા, પશ્ચિમબંગાળ જેવા રાજ્યોના સેંકડો માણસો કામ-ધંધા અર્થે સુરત આવે છે, જેમાંના મોટાભાગના ટેક્ષટાઈલ અને કેમીકલ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. જે લોકો વર્ષમાં એકાદ વખત એમના ગામ જતા હોય છે જેમની ટ્રેન હાલ મહદ્અંશે ઉધનાથી ઉપડે છે. આજના વર્તમાનપત્રમાં બેરીકેડ પર ચઢી એમના વતન જવા માટેની ટ્રેન પકડવા થયેલ ઘસારાના ફોટા છપાયા છે એ પહેલી ઘટના નથી. ટ્રેન પકડવા માટે આવો ઘસારો દર વર્ષની સામાન્ય ઘટના બની ગઈ છે પરંતુ આ સમસ્યાના નિરાકરણ માટે કાયમી ધોરણે જરૂરી વ્યવસ્થા થતી હોય એવુ જણાતુ નથી. અહીં સવાલ એ પેદા થાય છે કે આ બધા રાજ્યોના લોકોએ કમાણીનું સાધન શોધવા એમનું વતન છોડીને ગુજરાત સુધી કેમ આવવુ પડે છે? અલબત્ત એનો અર્થ એવો નથી જ કે ગુજરાતીઓ દેશના અન્ય રાજ્યો કે અન્ય દેશમાં નોકરી ધંધા અર્થે નથી જતા! કોઈપણ રાજકીય પક્ષ કે એની હિતેચ્છુ સંસ્થાઓ એમના પક્ષના હિતના સંવર્ધન માટે કોઈ કામ કરે એ સ્વભાવિક છે પરંતુ પક્ષહિત કરતા વધુ રાજ્યોના સર્વાંગી વિકાસ પર સત્તાપક્ષનું ધ્યાન કેન્દ્રિત થાય તો વર્તમાનપત્રમાં લોકોની હાલાકીને ઉજાગર કરવા જે ફોટા છપાય છે એ છપાતા બંધ થઈ શકે. હાલના સત્તાપક્ષ અને અન્ય રાજકીય પક્ષો પાસે આપણે આવી અપેક્ષા રાખી શકીએ?

સુરત -હિતેન્દ્ર ભટ્ટ

## આશા ભોંસલેની દર્દભરી દાસ્તાન

ગાયિકીની દુનિયામાં ખૂબ જાણીતું નામ આશા ભોંસલેનું ટૂંકી માંદગી બાદ મુંબઈમાં અવસાન થયું. તમામ ઉમ્રકી હિસાબ માંગતી હે જિંદગી, ઉમરાવ જાનની એના અવાજમાં ગવાયેલી અત્યંત લોકપ્રિય ગઝલની પંક્તિ આશા ભોંસલેના અંતિમ સમય પર જરૂર યાદ આવી હશે. ખરેખર આશા ભોંસલેની જીવનની દર્દભરી દાસ્તાન અત્યંત કરૂણ હતી. નિરાશા અને હતાશામાં ઘેરાયેલી આશા ભોંસલેના પતિદેવનું યુવાનીમા અવસાન થયું હતું. યુવાનીમાં વિધવા થયેલી આશા ભોંસલેના જીવનમાં ત્યાર પછી પણ એક પછી એક આધિ વ્યાધિ ઉપાધિ આવતી રહી. લતા મંગેશકર વગર એમની તમામ ફિલ્મો આશા ભોંસલેના અવાજમાં સુપરહીટ સાબિત થઈ. પાછળથી એના જીવનમાં સંગીતકાર આર.ડી. બર્મન આવ્યા. એમને હાથ અને સાથ આપ્યો. લગ્ન પણ કર્યા. ખૂબ નામ અને દામ કમાયા. આજે આર.ડી. બર્મન પણ નથી અને આશા ભોંસલે પણ રહયા નથી. યાદ રહે હિન્દી ફિલ્મ જગતની ચમકદમક પાછળ જબરજસ્ત નિરાશાના વાદળ ઘેરાયેલા હોય છે. મને આ સમય પર દેવઆનંદની હમદોનો ફિલ્મું યાદગાર ગીત અભી ના જાઓ છોડકર યાદ આવે છે. આશા ભોંસલેને યાદ આપ્યા ને નમસ્કાર.

સુરત - જગદીશ પાનવાલા

## નેપાળ સરકારનો ખાનગી શાળા બંધ કરવાનો નિર્ણય!

નેપાળ સરકારે ખાનગી શાળા બંધ કરવાનો નિર્ણય કર્યો એ કાંતિકરી પગલું છે. દેશમાં સરકારી શાળાઓ બંધ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે ખાનગી શાળા બંધ કરવાનો નિર્ણય લેવા જોઈએ. શિક્ષણ મોઘું થતું જાય છે. ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પરવડે તેમ નથી, છતા દેખાદેખીથી મા-બાપ પોતાના બાળકોને ખાનગી શાળામાં મુકે છે. દરેક વર્ગ ના છોકરા સરકારી શાળાઓ મા જ શિક્ષણ મેળવે તેવો પરિપત્ર સરકાર તરફથી બહાર પાડવામાં આવે અથવા તો હાલમાં જે ખાનગી શાળા ઊંચી ફી લઈને પ્રવેશ આપવામાં આવે છે તેના બદલે તેનુ સંચાલન સરકારના તાબામાં હોવુ જોઈએ તો જ શિક્ષણમાં સમાનતા આવશે. આમ પણ શિક્ષણ તો દરેક વર્ગ માટે નિઃશુલ્ક હોવુ જોઈએ. મા-બાપને બાળકોને ભણાવવાનો ખર્ચ જ મોંઘો પડે છે. જો શિક્ષણ નિઃશુલ્ક કરી દેવામાં આવે તો ભ્રષ્ટાચારમાં પણ ઘટાડો જોવા મળશે. શિક્ષણ અને આરોગ્ય સેવા નિઃશુલ્ક અથવા રાહત દરે તમામ વર્ગને પૂરી પાડવામાં આવે તો અનેક સામાજિક દૂષણોથી છુટકારો મળે. તો તાકીદે ભારત સરકારે આ દિશામાં વિચારવું જોઈએ.

સુરત - ચંદ્રકાંત રાણા

## દિકરીના છૂટાછેડા: વાજતે ગાજતે......

યુ.પી. મેરઠની કોર્ટમાંથી આઠ આઠ વર્ષના વહાણા વાયા પછી છૂટાછેડા મેળવનાર દિકરીના નિવૃત્ત જજ પિતા જ્ઞાનેન્દ્ર શર્માએ દિકરીને ફૂલ માળા પહેરાવી ઢોલનગારા અને મીઠાઈથી વધાવી ઉજવણી કરીને સમાજને એક નવો જ સદેશ આપ્યો છે. આ પ્રસંગે દિકરી પ્રણીતા અને કુટુંબીજનોએ ખાસ કાળા રંગની ટી શર્ટ પહેરી જેના પર આઈ લવ માય ડોટર અને દિકરી પ્રણીતાનો ફોટો છપાવેલો હતો. નિવૃત્ત વિદ્વાન, ક્રાંતિકારી વિચારધારાને વરેલા પિતાએ કહ્યું કે દિકરી ખુશી ખુશી ઘર આવી રહી છે તો તેનું અદકુ સ્વાગત કેમ ન કરું? આઠ આઠ વર્ષ સુધી કોર્ટના ચક્કર કાપી તેણીએ આખરે છુટાછેડા મેળવ્યા છે. પિતાનું માનવું છે કે દિકરી અને ગાય દોરે ત્યાં જ જાય એ મનોવલણ ઠીક નથી.

આપણા મોટા ભાગના સમાજમાં એવી માનસિકતા છે કે દીકરીના લગ્ન થાય એટલે તે સાસરે જ રહેવી જોઈએ ભલે પછી તે દુખી હોય. ભારતીય મા-બાપની બદલાયેલી માનસિકતા હવે જોવા મળે છે. આ પગલુ સમાજમાં મહિલા સશકિતકરણ, સન્માન અને સુરક્ષા માટે એક નવી જ દિશા ચિંધનારું છે. છુટાછેડા એ જીવનનો અંત નથી. પરંતુ એક નવી અને સુખદ શરૂઆતનો ઉત્તમ માર્ગ છે.

સુરત - રમિલા બળદેવભાઈ પરમાર